# ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ

## ગાંધીનગર

### પરિપત્ર

**વિષય: ઉદ્યોગ દ્વારા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કન્સેન્ટ માટેની અરજીઓ સાથે જોડવાનાં થતાં દસ્તાવેજોની યાદીમાં ફેરફાર કરવાં બાબત**

કેન્દ્ર સરકારશ્રી દ્વારાં Ease of Doing Business હેઠળ BRAP+, Reducing Compliance Burden અને Deregulation નાં ભાગરૂપે વિવિધ સુચનાઓ આપવામાં આવેલ છે. જે અંતર્ગત રાજ્ય સરકાર વિવિધ નીતિઓમાં ફેરફારો કરી રહી છે.

આ ઉપરાંત, કેન્દ્ર સરકારશ્રી દ્વારા જાન્યુઆરી – ૨૦૨૫ માં પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ), અધિનિયમ, ૧૯૭૪ અને હવા (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ), અધિનિયમ, ૧૯૮૧ અંતર્ગત જાહેરનામું પ્રકાશિત કરવામાં આવેલ છે. જેમાં અરજીઓ સાથે જોડવાનાં થતાં દસ્તાવેજોની યાદીનો પણ સમાવેશ કરેલ છે.

આ સંદર્ભમાં બોર્ડ ખાતે કરવામાં આવતી કન્સેન્ટ અરજી સાથે બિડાણ કરવાનાં દસ્તાવેજોની યાદીમાં સુધારો કરવાની બાબત વિચારણા હેઠળ હતી જે ઉક્ત કેન્દ્ર સરકાર દ્વારાં બહાર પડાયેલ જાહેરનામામાં આપેલ દસ્તાવેજોની યાદીને અનુરૂપ બોર્ડ ખાતે કરવાની થતી કન્સેન્ટ અરજી સાથે બિડવાના દસ્તાવેજોની યાદીને નીચે મુજબ ફેરફાર કરવા બોર્ડ બેઠક – ૨૭૯ માં કાર્યનોંધ – ૨૦ થી મંજૂરી આપવામાં આવેલ છે:

A. Land related documents (any one from below):

   Industrial Area:

   Allotment letter from the respective Industrial Area Development Board / Corporation / Land Possession Certificate;

   Other than Industrial Area:

   Registered Land Deed / Land Conversion Certificate from concerned Authority

   In case of Mining Project:

   Mineral Mining Lease permission granted by the Department of Mines & Geology, if applicable; and

   In case of the property is on rent/lease;

   Rent (or) Lease Agreement (if applicable).

B. Environmental Clearance

Environment Clearance along with EIA Report granted by Central Government or State Environment Impact Assessment Authority, if applicable, under the notification of the Government of India number S.O.1533 (E), dated the 14th September, 2006 issued under the Environment (Protection) Act, 1986 (29 of 1986);

C. Investment:

Charted Accountant Certificate about Capital Investment (with bifurcation and without depreciation).

D. Layout plan

Layout Plan (factory / plot layout) with Effluent Treatment Plant (write up with flow diagram)

E. Manufacturing Process

Manufacturing Process (write up with flow chart)

F. Membership of common facility (if applicable)

G. EIA report, if proposed investment is more than Rs. 250 Cr.

EIA report, if proposed investment is more than Rs. 250 Cr for projects, activities where EC is not applicable.

H. **Technical Details**

**To be filled in Web Portal developed by Board**

બોર્ડ ખાતેની અરજી પ્રક્રિયાઓમાં મુખ્યત્વે CTE Fresh & Amendment તથા CCA Fresh, Renewal & Amendment ની અરજીઓનો સમાવેશ થાય છે. Fresh અરજીઓ સાથે ઉપર મુજબનાં દસ્તાવેજો બિડાણ કરવાના રહેશે તથા Renewal & Amendment ની અરજીઓમાં જે દસ્તાવેજોમાં ફેરફાર હોય, ફક્ત તે જ દસ્તાવેજો રજૂ કરવાના રહેશે.

આ પરિપત્ર તાત્કાલિક અસરથી અમલમાં મુકવામાં આવે છે અને ઉપર મુજબની અરજીઓ સાથેનાં દસ્તાવેજો બાબતેનાં અગાઉનાં તમામ પરિપત્રો રદ કરવામાં આવે છે.

આ પરિપત્ર સક્ષમ કક્ષાએથી મંજૂરી લીધા બાદ બહાર પાડવામાં આવે છે.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનાં
નામે અને વતી,
D. M. Thakker
(ડી. એમ. ઠાકર)
સભ્યસચિવ

નં. ગુપ્રનિબોર્ડ / BRAP / P3/102(6)/ 13 તા: 5 JUN 2025

નકલ રવાના:

1. ટેકનીકલ અધિકારીશ્રી, અધ્યક્ષશ્રીનું કાર્યાલય, ગુપ્રનિબોર્ડ, વ.ક., ગાંધીનગરને જાણ સારૂ.
2. ટેકનીકલ અધિકારીશ્રી, સભ્ય સચિવશ્રીનું કાર્યાલય, ગુપ્રનિબોર્ડ, વ.ક., ગાંધીનગર ને જાણ સારૂ.
3. તમામ પ્રાદેશિક અધિકારીશ્રી – અમદાવાદ-વટવા, અમદાવાદ-સાણંદ, અમદાવાદ-શહેર, નડીયાદ, આણંદ, વડોદરા, ગોધરા, ભરૂચ, અંકલેશ્વર, સુરત, નવસારી, વાપી, સરીગામ, ગાંધીનગર, મહેસાણા, પાલનપુર, હિંમતનગર, સુરેન્દ્રનગર, મોરબી, રાજકોટ, જેતપુર, જુનાગઢ, ભાવનગર, પોરબંદર, જામનગર, કચ્છ(પૂર્વ), કચ્છ(પશ્ચિમ)....ને જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.
4. તમામ યુનિટ હેડશ્રી – અમદાવાદ-વટવા, અમદાવાદ-સાણંદ, અમદાવાદ-શહેર, નડીયાદ, આણંદ, વડોદરા, ગોધરા, ભરૂચ, અંકલેશ્વર, સુરત, નવસારી, વાપી, સરીગામ, ગાંધીનગર, મહેસાણા, પાલનપુર, હિંમતનગર, સુરેન્દ્રનગર, મોરબી, રાજકોટ, જેતપુર, જુનાગઢ, ભાવનગર, પોરબંદર, જામનગર, કચ્છ(પૂર્વ), કચ્છ(પશ્ચિમ), બાયોમેડીકલ વેસ્ટ યુનિટ, હેઝાર્ડસ વેસ્ટ યુનિટ, વ.ક., ગાંધીનગર....ને જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.
5. આઇ.ટી શાખા- XPN તથા GPCB ની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.
6. સિલેક્ટ ફાઇલ.